પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૭૦ | ૩૧ ઓગસ્ટ, ૨૦૧૯, શનિવાર; ભાદરવા સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# જૂનના ત્રિમાસિક ગાળામાં જીડીપી ૫ ટકા

**અર્થવ્યવસ્થાની હાલત વધુ ખરાબ થઇ ગઈ : કેન્દ્ર સરકારને આર્થિક મોરચા ઉપર મોટો ફટકો : વિકાસ દર સાડા છ વર્ષના નીચા સ્તર પર પહોંચતા ભારે નિરાશા**




નવીદિલ્હી,તા.૩૦

અર્થવ્યવસ્થામાં મંદીની સમસ્યાનો સામનો કરી રહેલી કેન્દ્ર સરકારને આર્થિક વિકાસના મોરચા ઉપર મોટો ફટકો પડ્યો છે. ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં દેશમાં આર્થિક વિકાસ દર ઘટીને માત્ર પાંચ ટકા થઈ ગયો છે જે સાડા છ વર્ષમાં સૌથી નીચી સપાટી ઉપર છે. છેલ્લા નાણાંકીય વર્ષના અંતિમ ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસદર ૫.૮ ટકા રહ્યો હતો. આજે સરકાર દ્વારા આ અંગેના આંકડા જારી કરવામાં આવ્યા હતા. દેશમાં સ્થાનિક માંગમાં ઘટાડો તથા મૂડીરોકાણની સ્થિતિ સારી નહીં રહેવાના કારણે આ સ્થિતિ સર્જાઈ છે. જૂન ત્રિમાસિક ગાળામાં વિકાસ દરનો આંકડો પહેલાથી વધારે રહ્યો હતો. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં દેશની અર્થવ્યવસ્થા દર વર્ષના આધાર પર માત્ર પાંચ ટકાના દરે હાથ ધર્યો છે. વિકાસદરનો આ આંકડો બજારના ૫.૭ ટકાની આશા પર રહ્યો છે. વર્ષ ૨૦૧૩ બાદ જીડીપી ગ્રોથનો આંકડો સૌથી ખરાબ રહ્યો છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટર છેલ્લા નાણાંકીય વર્ષના ૧૨.૧ ટકાની સરખામણીમાં ૦.૬ ટકાના દરે આગળ વધ્યો છે. એગ્રીકલ્ચર, ફોરેસ્ટ, ફિશિંગ સેક્ટરમાં છેલ્લા નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાના ૫.૧ ટકાની સરખામણીમાં તે ૨ ટકાના દરે આગળ વધ્યો છે. માઈનિંગ સેક્ટર છેલ્લા નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાના ૦.૪ ટકાની સરખામણીમાં ૨.૭ ટકાના દરે આગળ વધ્યો છે. ઈલેક્ટ્રીસિટી, ગેસ, વોટર સપ્લાય અને અન્ય યુટિલીટી સેક્ટર છેલ્લા નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાના ૬.૭ ટકાની સરખામણીમાં ૮.૬ ટકાના દરે આગળ વધ્યો છે. આવી જ રીતે કન્સ્ટ્રક્શન સેક્ટર છેલ્લા નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાના ૯.૬ ટકાની સરખામણીમાં ૫.૭ ટકાના દરે આગળ વધ્યો છે. ટ્રેડ, હોટેલ, પરિવહન અને કોમ્યુનિકેશન જેવા સેક્ટરોમાં ૭.૧ ટકાના દરેક વિકાસ દર આગળ વધ્યો છે. આ તમામ આંકડા સરકાર માટે નિરાશાજનક છે.

## કાશ્મીર માટે ટૂંકમાં શિક્ષણ-રોજગાર પેકેજ જાહેર કરાશે

શ્રીનગર, તા. ૩૦

કાશ્મીરમાં કલમ ૩૭૦ની નાબૂદી બાદ રાજ્યના વિકાસ માટે અતિ ઝડપથી પગલા લેવાના પ્રયાસો શરૂ થઈ ચુક્યા છે. આ દિશામાં ટૂંક સમયમાં જ નવા નવા પેકેજની જાહેરાત કરવામાં આવનાર છે. આની રુપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. શિક્ષણ અને રોજગારીને લગતા પેકેજો જમ્મુ કાશ્મીર માટે ટૂંક સમયમાં જાહેર કરવામાં આવનાર છે. કેબિનેટ સેક્રેટરી અને પીએમઓ દ્વારા સમીક્ષા કરવામાં આવ્યા બાદ અંતિમ નિર્ણય લેવામાં આવશે. કેન્દ્ર સરકાર સર્વગ્રાહી શિક્ષણની દિશામાં આગળ વધી રહી છે.

# કરતારપુર અંગે ભારત-પાક વચ્ચે મહત્વની ચર્ચા

**કલમ ૩૭૦ની નાબૂદી બાદ પ્રથમ બેઠક યોજાઈ : ઝીરો પોઇન્ટ ઉપર યોજાયેલી મિટિંગમાં બંને દેશોના ૧૫-૧૫ અધિકારીઓ હાજર રહ્યા : બધા પાસાઓ પર ચર્ચા**

નવીદિલ્હી,તા.૩૦

ભારત અને પાકિસ્તાનના અધિકારીઓની આજે શિખ શ્રદ્ધાળુઓ માટે કરતારપુર કોરિડોરની ટેકનિકલ રુપરેખા ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો ઉપલબ્ધ કરાવનાર કલમ ૩૭૦ની નાબૂદી કરવામાં આવ્યા બાદ બંને દેશો વચ્ચે વધી ગયેલી તંગદિલી વચ્ચે આ બેઠક યોજવામાં આવી હતી. ભારત અને પાકિસ્તાનના અધિકારીઓ વચ્ચેની આ બેઠક ખુબ સાનુકુળ માહોલમાં યોજાઈ હતી. આ બેઠક ઝીરો પોઈન્ટ ઉપર યોજવામાં આવી હતી. એટલે કે ઝીરો પોઈન્ટ ભારત અને પાકિસ્તાનના સૂચિત કોરિડોરના રૂપાંતરણની જગ્યા છે. ઝીરો પોઈન્ટ ખાતે યોજાયેલી આ બેઠકમાં બંને દેશો તરફથી ૧૫-૧૫ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક આશરે બે કલાક સુધી ચાલી હતી. આ બેઠકમાં ટેકનિકલ પાસા ઉપર ચર્ચા કરવામાં આવી હતી. કરતારપુર કોરિડોર સંબંધિત જુદા જુદા ટેકનિકલ પાસાઓ બંને પક્ષો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના એક અધિકારીએ પણ આ બેઠકમાં હાજરી આપી હતી. આ અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે આ તમામ માહિતી ઉપલબ્ધ કરાવી હતી. સૂચિત કોરિડોર ઉપર જોરદારરીતે કામ ચાલી રહ્યું છે. જે વિસ્તારમાં આ બેઠક યોજાઈ હતી તે વિસ્તારમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. પત્રકારોને સ્થળની નજીક જવાની મંજુરી પણ

● અનુસંધાન પાન-૭ પર



## તો, કાશ્મીરી નેતા મુક્ત કરાશે

શ્રીનગર, તા.૩૦

કાશ્મીરમાં સ્થિતીને સામાન્ય બનાવવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જો કે સ્થિતી હજુ સુધી સામાન્ય દેખાઈ રહી નથી. કલમ ૩૭૦ને નાબુદ કરવામાં આવ્યા બાદ હવે ધીમે ધીમે રાજ્યમાં લાગુ કરવામાં આવેલા અંકુશોને હળવા કરવામાં આવી રહ્યા છે. આ જ ક્રમમાં હાલમાં એવા નેતાઓને પણ મુક્ત કરવામાં આવનાર છે જે નેતાઓ નજરકેદમાં રહેલા છે. આ માહિતી એક સરકારી અધિકારી દ્વારા આપવામાં આવી છે. જો કે હજુ સ્થિતીને સામાન્ય કરવામાં વધારે સમય લાગી શકે છે. ખીણમાં રહેલી વર્તમાન જમીની સ્થિતીને ધ્યાનમાં લઈનો આ નિર્ણય કરવામાં આવી રહ્યા છે.

## ન્યુઝ ટ્રેક

### દેશભરમાં સીબીઆઈના દરોડા

સીબીઆઈએ દેશભરમાં એક વિશેષ અભિયાન ચલાવ્યુ હતુ. જે હેઠળ લગભગ દોઢસો સ્થળોએ અચાનક જ દરોડા પાડવામાં આવ્યા હતા. સાર્વજનિક કચેરીઓ જ્યાં સૌથી વધુ ભ્રષ્ટાચાર થાય છે ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા.

### પી. ચિદમ્બરમ ફરી રિમાન્ડ પર

આઈએનએક્સ મીડિયા કેસમાં કોંગ્રેસ નેતા પી. ચિદમ્બરમને રાઉજ એવેન્યુ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ત્રણ દિવસ સુધી તેમના રીમાન્ડ વધારી દેવાયા હતા. તેઓ હજુ બે સપ્ટેમ્બર સુધી કેદમાં રહેશે.

# દેશમાં હવે માત્ર ૧ ૨ જ સરકારી બેન્કો

**યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા, આંધ્રા બેન્ક અને કોર્પોરેશન બેન્કનું પણ મર્જર થશે, ૩૧ માર્ચ ૨૦૨૦ સુધી ખરીદવામાં આવેલા બીએસ-૪ વાહનો માન્ય રહેશે : હાઉસિંગ ફાઈનાન્સને ૩,૩૦૦ કરોડ રૂપિયાનો સરકાર સપોર્ટ કરશે : ભાગેડુંઓની સંપતિની રિકવરીના માધ્યમથી ચાલું : બેન્કોને ઝડપથી ૭૦,૦૦૦ કરોડ રૂપિયાની મૂડી ઉપલબ્ધ કરાવવાની જાહેરાત કરી : સુસ્ત થતી અર્થવ્યવસ્થાને ગતિ આપવા વધુ પગલા જાહેર : નાણામંત્રીની બેંકોના મેગા કન્સોલિડેશન પ્લાનની જાહેરાત**

નવીદિલ્હી, તા. ૩૦

સુસ્ત થઈ રહેલી અર્થવ્યવસ્થાને ગતિ આપવા માટે આજે વધુ મોટી જાહેરાતો સરકાર દ્વારા કરવામાં આવી હતી. ૨૩મી ઓગસ્ટના દિવસે શ્રેણીબદ્ધ જાહેરાતો કરવામાં આવ્યા બાદ નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા આજે વધુ જાહેરાતો કરવામાં આવી હતી. સરકારી બેંકોના મેગા કન્સોલીડેશન પ્લાનની જાહેરાત આજે કરવામાં આવી હતી. આવનાર સમયમાં જાહેર ક્ષેત્રની ૧૦ બેંકોને મર્જ કરીને ચાર મોટી બેંકો બનાવવામાં આવનાર છે. પંજાબ નેશનલ બેંક, ઓરિયેન્ટલ બેંક ઓફ કોમર્સ તથા યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયાને મર્જ કરી દેવામાં આવશે જેનાથી દેશની બીજી સૌથી મોટી બેંક તૈયાર થઈ જશે જેનો કારોબાર ૧૭.૯૫ લાખ કરોડ રૂપિયાનો રહેશે. નાણામંત્રીએ કહ્યું હતું કે, હવે ૨૭ બેંકોની જગ્યાએ માત્ર ૧૨ સરકારી બેંકો રહેશે. નાણામંત્રીએ એમ પણ કહ્યું હતું કે, કેનેરા બેંક અને સિન્ડિકેટ બેંકને મર્જ કરવામાં આવશે જેનાથી ચોથી મોટી સરકારી બેંક બની જશે. આનો કારોબાર ૧૫.૨૦ લાખ કરોડ રૂપિયાનો રહેશે. આવી જ રીતે યુનિયન બેંકમાં આંધ્રબેંક તથા કોર્પોરેશન બેંકને મર્જ કરી દેવામાં આવશે. આનાથી દેશની પાંચમી સૌથી મોટી સરકારી બેંક બની જશે. સીતારામને કહ્યું હતું કે, ઈન્ડિયન બેંક, અલ્હાબાદ બેંકને મર્જ કરવામાં આવશે. આનાથી સાતમી સૌથી મોટી સરકારી બેંક બની જશે તેનો કારોબાર ૮.૦૮ લાખ કરોડ રૂપિયા થઈ જશે. સુધારાઓની જાહેરાત કરતા નાણામંત્રીએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર ભારતને પાંચ લાખ કરોડ ડોલરની અર્થવ્યવસ્થા બનાવવા માટે કટિબદ્ધ છે. આના માટે રોડમેપ પણ તૈયાર છે. તેમણે કહ્યું હતું કે, એનબીએફસીને સમર્થન આપવા માટે અનેક ઉપાય કર્યા છે. સરકારનું ધ્યાન બેંકિંગ સેક્ટરને વધુ મજબૂત કરવા પર રહેલું છે. તેમણે કહ્યું હતું કે, આઠ સરકારી બેંકોએ રેપોરેટ લિન્કડ લોનની શરૂઆત કરી છે. લોન આપવા માટે સુધાર લાવવાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. બેંકોના ગ્રોસ એનપીએમાં ઘટાડો થઈ રહ્યો છે.




## કઇ કઇ બેંકોનું મર્જર

**મર્જર-૧**

પંજાબ નેશનલ બેંક, ઓરિયેન્ટલ બેંક ઓફ કોમર્સ અને યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયાને મર્જ કરવામાં આવશે જેથી બીજી સૌથી મોટી બેંક બનશે અને કારોબાર ૧૭.૯૫ લાખ કરોડ સુધી પહોંચશે

**મર્જર-૨**

કેનેરા બેંક અને સિન્ડિકેટ બેંકને મર્જ કરવામાં આવશે. આની સાથે ચોથી સૌથી મોટી બેંક બની જશે અને કારોબાર ૧૫.૨૦ લાખ કરોડ સુધી થઈ જશે

**મર્જર-૩**

યુનિયન બેંક, આંધ્ર બેંક તથા કોર્પોરેશન બેંકને મર્જ કરાશે. આની સાથે જ પાંચમી સૌથી મોટી બેંક બનશે અને કારોબાર ૧૪.૬ લાખ કરોડ સુધી જશે

**મર્જર-૪**

ઈન્ડિયન બેંક, અલ્હાબાદ બેંકને મર્જ કરવામાં આવશે. આની સાથે જ સાતમી સૌથી મોટી બેંક બનશે. કારોબાર ૮.૦૮ લાખ કરોડ સુધી જશે

# બેંકોના એનપીએમાં ઘટાડો

**હવે, એનપીએ ઘટીને ૭.૯ લાખ કરોડ : એનબીએફસી, હાઉસિંગ ફાઈનાન્સને મદદ**

નવીદિલ્હી,તા.૩૦

નાણામંત્રી નિર્મલા સીતારામને આજે કહ્યું હતું કે, જાહેર ક્ષેત્રની બેંકોના નફામાં સુધારો થયો છે. સાથે સાથે કુલ ગ્રોસ નોન પરફોર્મિંગ એસેટ (એનપીએ)નો આંકડો ડિસેમ્બર ૨૦૧૮ના અંતે ૮.૬૫ લાખ કરોડ રૂપિયાથી ઘટીને માર્ચના અંતે ૨૦૧૯માં ૭.૯ લાખ કરોડ રૂપિયા થઈ ગયો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, એનબીએફસીને લિક્વિડીટી સપોર્ટ અને હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે. અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા માટે શ્રેણીબદ્ધ પગલાની આજે જાહેરાત કરવામાં આવી હતી. નાણામંત્રીએ કહ્યું હતું કે, જાહેર ક્ષેત્રની બેંકોમાં સુધારાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી ચુકી છે. વર્તમાન નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૧૪ બેંકોનો નફો વધી ગયો છે. પ્રધાને એમ પણ કહ્યું હતું કે, પીએસબીમાં નિરવ મોદી જેવા ફ્રોડને રોકવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે.







